# ECONOMICS
## Paper - II

Signature of Invigilators

1. ..........................................

2. ..........................................

Dec-08/10

Roll No. (In figures as in Admit Card)

Roll No. ..............................

.............................................. (in words)

Name of the Areas/Section (if any) ........................

**Time Allowed : 75 Minutes]** **[Maximum Marks : 100**

---

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
5. Read instructions given inside carefully.
6. Extra sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : **A** ખોટી રીત : **A** , **A**

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા ખંડની બહાર લઈ જવો નહીં.

## ECONOMICS

## અર્થશાસ્ત્ર

## PAPER-II

## પેપર-II

Note : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion and Reasoning/Matching questions, each question carrying **two (2)** marks. Attempt ALL the questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં પચાસ (૫૦) બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. The equilibrium of the consumer may be a corner solution when :
   (A) Goods are perfect substitutes
   (B) Goods are perfect complements
   (C) Two commodities can substitute one another to a certain extent but not perfect substitutes
   (D) None of the above

2. Which of the following is a good example of monopsony in India ?
   (A) Mining companies supplying coal to the steel indusry
   (B) Ancillary units supplying components to the railways
   (C) ONGC supplying crude oil to the petroleum industry
   (D) Asia Brown Bovery supplying electric boilers to the state electricity boards

3. A firm achieves least cost in production by substituting factors until :
   (A) their factor prices are equal
   (B) their marginal physical products are equal
   (C) their marginal physical products are equal to their factor prices
   (D) their ratio marginal physical products are equal to the factor price ratio for all factor inputs

1. ઉપભોક્તાની સમતુલા, એક કોણ ઉકેલ હોય છે, જયારે :
   (A) વસ્તુઓ સંપૂર્ણ અવેજી વસ્તુઓ હોય છે
   (B) વસ્તુઓ સંપૂર્ણ પૂરક વસ્તુઓ હોય છે
   (C) બે વસ્તુઓ એકબીજાને અમુક હદ સુધી અવેજી કરી શકે પણ તેઓ સંપૂર્ણ અવેજી-વસ્તુઓ ન હોય
   (D) ઉપરનામાંથી કોઈ નહીં

2. નીચે જણાવાયેલા ઉદાહરણોમાંથી કયું ઉદાહરણ, ભારતમાં ખરીદનારની ઈજારાશાહીનું એક સારૂ ઉદાહરણ છે ?
   (A) સ્ટીલ ઉદ્યોગને કોલસો પૂરી પાડતી ખાણ કંપનીઓ
   (B) રેલ્વેને ભાગો (ઘટકો) પૂરા પાડતા ઔદ્યોગિક એકમો
   (C) પેટ્રોલીયમ ઉદ્યોગને કાચુ તેલ પૂરૂ પાડતુ ઓ.એન.જી.સી.
   (D) રાજય વીજળી બોર્ડોને ઈલેકટ્રીક બોઈલરો પૂરી પાડતી એશિયા બ્રાઉન બોવરી

3. એક પેઢી, ઉત્પાદન માટે ન્યૂનતમ ખર્ચ, ઉત્પાદન સાધનોની અવેજી ત્યાં સુધી કરીને મેળવે છે, કે જયાં સુધી :
   (A) ઉત્પાદન સાધનની કિંમતો સમાન ન થાય
   (B) તેમની સીમાંત ભૌતિક ઉત્પાદકતા સમાન ન થાય
   (C) તેમની સીમાંત ભૌતિક ઉત્પાદકતા તેમની કિંમતોની બરાબર ન થાય
   (D) તમામ ઉત્પાદન સાધનો માટે તેમના સીમાંત ભૌતિક ઉત્પાદકતાનો ગુણોત્તર તેમના કિંમતોના ગુણોત્તરની બરાબર ન હોય

4. Which of the following best describes the substitution effect ?

(A) When the price of a good rises, consumers stop consuming the good

(B) When the price of a good rises, consumers tend to substitute it with a relatively expensive good

(C) When the price of a good rises, consumers tend to substitute it with a relatively inexpensive good

(D) When the price of a good falls, consumers tend to substitute it with a more expensive item in order to fulfil their esteem needs

5. Which of the following statements is *true* ?

(A) When supply increases, both the price and quantity will increase

(B) When supply increases, the supply curve shifts towards left

(C) A fall in the quantity supplied results in shift of the supply curve towards left

(D) A shift in the supply curve towards right results in fall in price

6. The firm is in equilibrium in the factor market provided :

(A) Marginal revenue product is equal to marginal factor cost

(B) Marginal revenue product curve must cut marginal cost curve from above

(C) (A) and (B) both

(D) Marginal revenue product curve must cut marginal cost curve from below.

4. નીચેનામાંથી કયું વિધાન, 'અવેજી અસર' ને સૌથી સારી રીતે વર્ણવે છે ?

(A) જ્યારે એક વસ્તુની કિંમત વધે છે, ત્યારે ઉપભોક્તાઓ તે વસ્તુ વાપરવાનું બંધ કરે છે

(B) જ્યારે એક વસ્તુની કિંમત વધે છે, ત્યારે ઉપભોક્તા તેની વધુ મોંઘી વસ્તુ વડે અવેજી કરે છે

(C) જ્યારે એક વસ્તુની કિંમત વધે છે, ત્યારે ઉપભોક્તા તેની વધુ મોંઘી વસ્તુ વડે અવેજી કરે છે

(D) જ્યારે એક વસ્તુની કિંમત ઘટે છે, ત્યારે, પોતાની જરૂરિયાતો સંતોષવા માટે ઉપભોક્તા વધુ મોંઘી વસ્તુ વડે તેની અવેજી કરે છે

5. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) જ્યારે પૂરવઠો વધે છે ત્યારે કિંમત અને જથ્થો બન્ને વધે છે

(B) જ્યારે પૂરવઠો વધે છે ત્યારે પૂરવઠા વક્ર ડાબી બાજુ ખસે છે

(C) પૂરવઠાના જથ્થામાં થતો ઘટાડો, પૂરવઠા વક્રના ડાબી બાજુ ખસવામાં પરિણમે છે

(D) જ્યારે પૂરવઠા વક્ર જમણી બાજુ ખસે છે ત્યારે કિંમતમાં ઘટાડો થાય છે

6. ઉત્પાદન સાધન બજારમાં, પેઢી સમતુલામાં હોય છે, જો :

(A) સીમાંત આમદાની ઉત્પાદકતા (MRP), સીમાંત સાધન ખર્ચ (MFC) ની બરાબર હોય છે

(B) સીમાંત આમદાની ઉત્પાદકતા વક્ર, સીમાંત ખર્ચ વક્રને ઉપરની તરફથી છેદે છે

(C) (A) અને (B) બંને

(D) સીમાંત આમદાની ઉત્પાદકતા વક્ર, સીમાંત ખર્ચ વક્રને નીચેની તરફથી છેદે છે

7. The interest rate at which the Reserve Bank of India tends to commercial banks in the start term is known as :

(A) Bank rate

(B) Interest rate

(C) Repo rate

(D) Reverse repo rate

8. $M_3$ includes :

(A) Demand deposits with banks

(B) Time deposits with banks

(C) Currency with the public

(D) All of the above

9. If the consumption function is $C = 50 + 0.75Y$, the value of the multiplier is :

(A) 2

(B) 5

(C) 4

(D) $\frac{4}{3}$

10. Phillips curve deals with the relationship between which of the following :

(1) Wages and price level

(2) Price level and unemployment

(3) Unemployment and inflation

(4) Wages and deflation

Select the *correct* answer using the codes given below :

(A) (1) and (3)

(B) (2) and (3)

(C) (3) only

(D) (4) only

7. ભારતીય રીઝર્વ બેન્ક, જે વ્યાજના દરે વ્યાપારી બેન્કોને ટૂંકા ગાળા માટે નાણાં ધીરે છે તેને :

(A) બેન્ક રેટ

(B) વ્યાજનો દર

(C) રેપો રેટ

(D) રીવર્સ રેપો રેટ

કહે છે

8. $M_3$ માં :

(A) બેન્કોમાંની ડીમાન્ડ ડીપોઝીટો

(B) બેન્કોમાંની ટાઈમ ડીપોઝીટો

(C) લોકો પાસેના નાણાં

(D) ઉપરના તમામનો સમાવેશ થાય છે

9. જો વપરાશ ખર્ચ વિધેય $C = 50 + 0.75Y$, હોય તો ગુણકની કિંમત :

(A) 2

(B) 5

(C) 4

(D) $\frac{4}{3}$

થશે

10. ફીલીપ્સ વક્ર, નીચેનામાંથી શેની વચ્ચેના સંબંધ સાથે નિસ્બત ધરાવે છે ?

(1) વેતનો અને કિંમત સ્તર

(2) કિંમત સ્તર અને બેકારી

(3) બેકારી અને ફુગાવો

(4) વેતનો અને મંદી

નીચે આપેલા કોડનો ઉપયોગ કરીને યોગ્ય ઉત્તર પસંદ કરો :

(A) (1) અને (3)

(B) (2) અને (3)

(C) ફક્ત (3)

(D) ફક્ત (4)

11. The acceleration principle applies :

(A) to gross investment
(B) to only to net investment
(C) to desired level of investment
(D) foreign investment

12. The transaction demand for money :

(A) is a function of income only
(B) is a function of bond prices
(C) is a function of income and rate of interest
(D) none of the above

13. Real business cycle theorists :

(A) Argue that the accelerator is the primary cause of the business cycle
(B) Argue that business cycles are actually variations in the growth rate of the economy
(C) Believe that natural phenomenon can create business cycle
(D) Believe that clusters of innovations in the economy lead to the appearance of business cycle

14. According to classical economists :

(A) Individuals desire to hold money only because of the precautionary demand for money
(B) Individuals do not hold money either because of precautionary or speculative reasons
(C) The velocity of money is not constant but predictable
(D) The velocity of money is not constant and cannot be predicted with any degree of certainty

11. ગતિવર્ધનનો સિદ્ધાંત :

(A) કુલ મૂડી રોકાણને
(B) ફક્ત ચોખ્ખા મૂડીરોકાણને
(C) મૂડીરોકાણના ઈચ્છિત સ્તરને
(D) વિદેશી મૂડીરોકાણને

લાગુ પડે છે.

12. નાણાંની લેવડ-દેવડ અંગેની માંગ :

(A) ફક્ત આવકનું વિધેય છે
(B) બોન્ડની કિંમતોનું વિધેય છે
(C) આવક અને વ્યાજના દરનું વિધેય છે
(D) ઉપરનામાંથી કોઈ નહીં

13. વાસ્તવિક વ્યાપાર ચક્રના સિદ્ધાંતકારો :

(A) એવી દલીલ કરે છે કે વ્યાપારચક્રનું મૂળભૂત કારણ ગતિવર્ધક છે
(B) એવી દલીલ કરે છે કે વ્યાપારચક્રો ખરેખર તો અર્થતંત્રના વૃદ્ધિ દરમાં થતા ફેરફારો છે
(C) એમ માને છે કે કુદરતી ઘટનાઓને કારણે વ્યાપાર ચક્રનું સર્જન થઈ શકે
(D) એમ માને છે કે અર્થતંત્રમાં નવપ્રવર્તનોના ગુચ્છોને કારણે વ્યાપાર ચક્ર ઉદ્ભવે છે

14. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના અભિપ્રાય મુજબ :

(A) વ્યક્તિઓ, ફક્ત નાણાંની સાવચેતી લક્ષી માંગને કારણે નાણાંનો સંગ્રહ કરે છે
(B) વ્યક્તિઓ, સાવચેતી માટે કે સટ્ટાકીય કારણોથી નાણાંનો સંગ્રહ કરતી નથી
(C) નાણાંનો વેગ અચળ નથી પરંતુ આગાહીક્ષમ છે
(D) નાણાંનો વેગ અચળ નથી અને ચોકકસતાના કોઈ પણ ધોરણે તેની આગાહી કરી શકાતી નથી

15. The first economist who propounded the theory of balanced growth without using these words was :

(A) Rosenstein-Rodan

(B) Nurkse

(C) Hirschman

(D) Leibenstein

16. Human Development Index considers :

(A) Four dimensions of human development

(B) Two dimensions of human development

(C) Three dimensions of human development

(D) One dimension of human development

17. Sustainable development refers to :

(A) Pattern of development that permits future generation to live at least as well as the current generation

(B) Pattern of development that promises rising growth rate of the economy

(C) Pattern of development that permits the equitable distribution of income

(D) Pattern of development that promises growth of export sector at a faster rate

15. સૌથી પ્રથમ અર્થશાસ્ત્રી, કે જેણે સમતુલીત વૃદ્ધિનો સિદ્ધાંત–આ શબ્દો વાપર્યા વગર– રજૂ કર્યો તે :

(A) રોઝેનસ્ટેઈન–રોડન

(B) નર્કસે

(C) હીર્શમેન

(D) લેબેન્સ્ટેઈન

છે.

16. માનવ વિકાસ આંક, માનવ વિકાસના :

(A) ચાર

(B) બે

(C) ત્રણ

(D) એક પરિમાણને ધ્યાનમાં લે છે

17. સમપોષિત વિકાસ એટલે :

(A) ઓછામાં ઓછી પ્રવર્તમાન પેઢી જેટલી જ સારી રીતે ભવિષ્યની પેઢીને જીવવાની તક મળે તેવી વિકાસની તરાહ

(B) અર્થતંત્રનાં વધતા જતા વૃદ્ધિ દરની ખાત્રી આપે તેવી વિકાસની તરાહ

(C) આવકની સમાન વહેંચણીની ખાત્રી આપે તેવી વિકાસની તરાહ

(D) ભવિષ્યમાં નિકાસના ક્ષેત્રની વૃદ્ધિની ખાત્રી આપે તેવી વિકાસની તરાહ

18. The development approach in India since 1991 onwards was based on :
(A) Mahalanobis model
(B) LPG model
(C) PURA model
(D) Gandhian model

19. The concept of 'economic dualism' was given by :
(A) Arthur Lewis
(B) Boeke
(C) Karl Marx
(D) Schumpeter

20. According to Karl Max, capital accumulation is due to :
(A) surplus labour
(B) surplus capital
(C) saving of the capitalists
(D) variable capital

21. Schumpeter assigns the role of an innovator to :
(A) capitalist
(B) entrepreneur
(C) labourer
(D) capitalist and labourer both

22. The basic conditions for steady state of growth is :
(A) Growth rate of real income/ output remains constant over long period (GY)
(B) Growth rate of the stock of capital remains constant over long period (GK)
(C) GY = GK
(D) All of the above

18. ભારતમાં 1991 પછીનાં વિકાસનો અભિગમ :
(A) મહલનોબીસ મોડેલ
(B) LPG મોડેલ
(C) PURA મોડેલ
(D) ગાંધીવાદી મોડેલ
પર આધારિત હતો.

19. 'આર્થિક દ્વૈતવાદ' નો ખ્યાલ :
(A) આર્થર લુઈસ
(B) બોકે
(C) કાર્લ માકર્સ
(D) શુમ્પીટર

20. કાર્લ માકર્સના મંતવ્ય મુજબ, મૂડી સંચય :
(A) અધિ:શેષ શ્રમ
(B) અધિ:શેષ મૂડી
(C) મૂડીપતિઓની બચત
(D) અસ્થિર મૂડીને કારણે થાય છે.

21. શુમ્પીટર, એક નવપ્રવર્તકની ભૂમિકા :
(A) મૂડીપતિ
(B) ઉદ્યોગ સાહસિક
(C) શ્રમિક
(D) મૂડીપતિ અને શ્રમિક બંનેને આપે છે.

22. સ્થિર વૃદ્ધિ દર માટેની મૂળભુત શરતો :
(A) લાંબા ગાળામાં વાસ્તવિક આવક/ઉત્પાદનનો વૃદ્ધિ દર અચળ રહે છે (GY)
(B) લાંબા ગાળામાં, મૂડીસ્ટોકનો વૃદ્ધિ દર અચળ રહે છે (GK)
(C) GY = GK
(D) ઉપરની તમામ
છે.

23. Which Five-Year Plan was based on Mahalanobis model ?
(A) First Five-Year Plan
(B) Second Five-Year Plan
(C) Sixth Five-Year Plan
(D) Seventh Five-Year Plan

24. Which one of the following is *not* a method of debt redemption ?
(A) Capital levy
(B) Debt repudiation
(C) Sinking fund
(D) Monetization of debt

25. Under Gadgil-Mukherjee formula, the hightest weightage is given to :
(A) Per capita income
(B) Population
(C) Performance
(D) Special problems

26. Fiscal policy is *not* associated with :
(A) Taxation policy
(B) Interest rate policy
(C) Public debt policy
(D) Public expenditure policy

27. Functional finance theorists believed in :
(A) Deficit budget
(B) Balanced budget
(C) Surplus budget
(D) Any type of budget, provided government tax revenue and borrowings that are used appropriately to eliminate inflation and unemployment

23. કઈ પંચવર્ષીય યોજના, મહલનોબીસ મોડેલ પર આધારિત હતી ?
(A) પ્રથમ પંચવર્ષીય યોજના
(B) બીજી પંચવર્ષીય યોજના
(C) છઠ્ઠી પંચવર્ષીય યોજના
(D) સાતમી પંચવર્ષીય યોજના

24. નીચેનામાંથી કઈ દેવાની ચૂકવણીની એક પદ્ધતિ નથી ?
(A) કેપીટલ લેવી
(B) દેવ
(C) સીન્કીંગ ભંડોળ
(D) દેવાનું નાણાંકીયકરણ

25. ગાડગીલ-મુકરજી સૂત્ર હેઠળ, સૌથી વધુ ભાર :
(A) માથા દીઠ આવક
(B) વસ્તી
(C) કામગીરી
(D) વિશિષ્ટ પ્રશ્નોને
આપવામાં આવે છે.

26. રાજકોષીય નીતિ :
(A) કરવેરા નીતિ
(B) વ્યાજના દર અંગેની નીતિ
(C) જાહેર દેવાની નીતિ
(D) જાહેર ખર્ચ નીતિ
સાથે સંકળાયેલી નથી.

27. કાર્યચાલન વિત્તીય સિદ્ધાંતકારો :
(A) ખાદ્ય બજેટ
(B) સમતુલીત બજેટ
(C) પુરાંત બજેટ
(D) કોઈ પણ પ્રકારનું બજેટ, જો સરકારની કરવેરાની આવક અને દેવા કે જેમનો ઉપયોગ યોગ્ય રીતે ફુગાવો અને બેકારી દૂર કરવામાં થયો છે

28. Fiscal Responsibility and Budget Management Act was enacted in the year :
   (A) 2005
   (B) 2001
   (C) 2003
   (D) 2007

29. Which one of the following is the most important item of public expenditure of the Government of India in 2008-09 (Budget) ?
   (A) Interest payments
   (B) Defence expenditure
   (C) Subsidies
   (D) Grants to states

30. Which one of the following is the most important source of tax revenue of the State Governments ?
   (A) State Excise Duties
   (B) Sales Tax
   (C) Stamps and Registration Fee
   (D) Taxes on vehicles

31. Under the general equilibrium approach :
   (A) Tariff always improves the welfare of the society
   (B) Tariff always improves the welfare of the society with the improvement in the terms of trade of a country
   (C) Tariff improves the welfare of the society with the improvement in terms of trade upto a certain point (tangency point) between Offer curve of the partner country and trade indifference curve of tariff imposing country
   (D) Always deteriorates the welfare of the society

28. રાજકોષીય જવાબદારી અને બજેટ મેનેજમેન્ટ કાયદો, વર્ષ :
   (A) 2005
   (B) 2001
   (C) 2003
   (D) 2007
   માં પસાર કરવામાં આવ્યો.

29. ભારત સરકારના 2008-09 ના બજેટમાં, જાહેર ખર્ચમાં નીચેનામાંથી કઈ આઈટમ સૌથી વધુ અગત્યની હતી ?
   (A) વ્યાજની ચૂકવણી
   (B) સંરક્ષણ ખર્ચ
   (C) સબસીડી
   (D) રાજ્યોને અનુદાન

30. રાજ્ય સરકારો માટે નીચેનામાંથી કયું કરવેરાની આવકનું સૌથી અગત્યનું સાધન છે ?
   (A) રાજ્યની એક્સાઈઝ ડ્યુટી
   (B) વેચાણ વેરો
   (C) સ્ટેમ્પ અને રજીસ્ટ્રેશન ફી
   (D) વાહનો પરનો કર

31. ''સામાન્ય સમતુલા અભિગમ'' માં :
   (A) જકાતને કારણે સમાજના કલ્યાણમાં હંમેશા વધારો થાય છે
   (B) જકાતને કારણે, દેશની વ્યાપારની તુલામાં સુધારા સહિત સમાજના કલ્યાણમાં હંમેશા વધારો થાય છે
   (C) જકાતને કારણે, ભાગીદાર દેશના ઓફર વક્ર અને જકાત લાદતા દેશના વ્યાપાર તટસ્થ વક્રના અમુક બિંદુ (સ્પર્શ બિંદુ) સુધી વ્યાપારની તુલામાં સુધારા સહિત સમાજના કલ્યાણમાં વધારો થાય છે
   (D) હંમેશા, સમાજના કલ્યાણમાં ઘટાડો થાય છે

32. According to the absorption approach the devaluation of a domestic currency improves the trade balance if :

(A) The sum of the marginal propensity to consume and marginal propensity to invest is less than one

(B) The sum of the marginal propensity to consume and marginal propensity to invest is equal to one

(C) The sum of the marginal propensity to consume and marginal propensity to invest is greater than one

(D) The sum of the marginal propensity to consume and marginal propensity to invest is zero

33. The limitation of the Leontif paradox is that :

(A) The study is based on importable commodities rather than imported commodities

(B) There is a possibility of factor intensity reversal

(C) Supply of labour is not properly defined

(D) All of the above

34. The validity of factor price equalization theorem depends upon :

(A) The validity of Heckscher-Ohlin theorem

(B) Validity of Ricardian theory

(C) Movement of factors of production

(D) Supply of factor production

32. 'અંતર્લયી' અભિગમ મુજબ, એક ઘરેલુ ચલણના અવમૂલ્યનને કારણે વ્યાપારની સમતુલામાં સુધારો થઈ શકે જો :

(A) સીમાંત વપરાશ વૃત્તિ અને સીમાંત મૂડીરોકાણ વૃત્તિનો સરવાળો એક કરતાં ઓછો હોય

(B) સીમાંત વપરાશ વૃત્તિ અને સીમાંત મૂડીરોકાણ વૃત્તિનો સરવાળો એક જેટલો હોય

(C) સીમાંત વપરાશ વૃત્તિ અને સીમાંત મૂડીરોકાણ વૃત્તિનો સરવાળો એકથી વધુ હોય

(D) સીમાંત વપરાશ વૃત્તિ અને સીમાંત મૂડીરોકાણ વૃત્તિનો સરવાળો શૂન્ય હોય

33. 'લીયોન્ટીફ કોયડા' ની મર્યાદા એ છે કે :

(A) તે અભ્યાસ, આયાત કરેલી વસ્તુઓને બદલે આયાત કરી શકાય તેવી વસ્તુઓ પર આધાર રાખે છે

(B) ઉત્પાદન-સાધનની પ્રચૂરતા બદલાય તેવી શક્યતા છે

(C) શ્રમના પૂરવઠાની યોગ્ય વ્યાખ્યા આપવામાં આવી નથી

(D) ઉપરના તમામ

34. ઉત્પાદન-સાધનની કિંમતોના સમાનીકરણ અંગેના પ્રમેયની સત્યતા :

(A) હેક્સ્ચર-ઓહલીન પ્રમેયની સત્યતા

(B) રીકાર્ડીયન સિદ્ધાંતની સત્યતા

(C) ઉત્પાદનના સાધનોની હેરાફેરી

(D) ઉત્પાદનના સાધનોના પૂરવઠા

પર આધારિત છે.

35. The secular deterioration in terms of trade of under-developed countries is associated with :

(A) Singer-Prebisch

(B) Jagdish Bhagwati

(C) Adam Smith

(D) Marshall-Lerner

36. Customs Union represents :

(A) Free movement of goods and services

(B) Free movement of factors of production

(C) Identical currency unit and common fiscal and monetary policy

(D) (A) and (B) both

37. Which of the following must always balance in the foreign trade of the country ?

(A) Balance of trade

(B) Balance of payments

(C) Balance of current account

(D) Balance of capital account

38. During 2006-07 which item had the highest share in India's exports ?

(A) Gems and jewellery

(B) Readymade garments

(C) Machinery and instruments

(D) Handicrafts

39. First Ministerial Conference of WTO was held in :

(A) Singapore

(B) China

(C) Germany

(D) Washington

35. અલ્પવિકસિત દેશોમાં વ્યાપારની તુલામાં લાંબા ગાળામાં ઘટાડા સાથે :

(A) સીંગર-પ્રેબીશ

(B) જગદીશ ભગવતી

(C) આદમ સ્મીથ

(D) માર્શલ-લર્નર

સંકળાયેલા છે.

36. જકાત સંઘ :

(A) વસ્તુઓ અને સેવાઓની મુક્ત હેરાફેરી

(B) ઉત્પાદનના સાધનોની મુક્ત હેરાફેરી

(C) એક જ ચલણ અને સમાન રાજકોષીય અને નાણાંકીય નીતિ

(D) (A) અને (B) બંને

દર્શાવે છે.

37. કોઈ એક દેશના વિદેશ-વ્યાપારમાં નીચેનામાંથી શેમાં હંમેશા સમતુલા હોવી જોઈએ ?

(A) વ્યાપારની સમતુલા

(B) લેણદેણની સમતુલા

(C) ચાલુ હિસાબમાં સમતુલા

(D) મૂડી હિસાબમાં સમતુલા

38. વર્ષ 2006-07 દરમ્યાન, ભારતની નિકાસમાં કઈ વસ્તુનો ફાળો મહત્તમ હતો ?

(A) રત્નો અને ઘરેણાં

(B) તૈયાર કપડા

(C) મશીનરી અને સાધનો

(D) હેન્ડીક્રાફ્ટ

39. વિશ્વ વ્યાપાર સંસ્થા (WTO) ની પ્રથમ પ્રધાનકક્ષાની બેઠક :

(A) સીંગાપોર

(B) ચીન

(C) જર્મની

(D) વોશિંગ્ટન

માં યોજાઈ હતી.

40. In India in 2004-05, the number of poor persons below poverty line was highest in the state of :

(A) Bihar

(B) Uttar Pradesh

(C) Madhya Pradesh

(D) Rajasthan

41. Which of the following is the most important component of the liabilities of commercial banks in India ?

(A) Time deposits

(B) Demand deposits

(C) Inter-bank liabilities

(D) Other borrowings

42. Most appropriate average to determine the size of mangoes on a tree is :

(A) Mode

(B) Median

(C) Mean

(D) Geometric mean

43. For which of the following measure of central tendency, the sum of differences measured from it is zero ?

(A) Mode

(B) Median

(C) Mean

(D) None of the above

40. ભારતમાં, 2004-05 માં, ગરીબીની રેખાની નીચે આવેલી વ્યક્તિઓની સંખ્યા :

(A) બિહાર

(B) ઉત્તર પ્રદેશ

(C) મધ્ય પ્રદેશ

(D) રાજસ્થાન

રાજ્યમાં સૌથી વધુ હતી.

41. ભારતમાં વ્યાપારી બેન્કોની 'જવાબદારીઓ' નો સૌથી વધુ અગત્યનો ઘટક, નીચેનામાંથી કયો છે ?

(A) ટાઈમ ડીપોઝીટો

(B) ડીમાન્ડ ડીપોઝીટો

(C) ઈન્ટર-બેન્ક જવાબદારીઓ

(D) અન્ય દેવાઓ

42. એક વૃક્ષ પર આવેલી કેરીઓનું કદ શોધવા માટેની સૌથી યોગ્ય સરેરાશ :

(A) બહુલક

(B) મધ્યસ્થ

(C) મધ્યક

(D) ગુણોત્તર મધ્યક

છે.

43. નીચે દર્શાવાયેલા, કેન્દ્રીય વલણના કયા માપદંડ માટે તેનામાંથી માપવામાં આવેલા તફાવતોનો સરવાળો શૂન્ય થાય છે ?

(A) બહુલક

(B) મધ્યસ્થ

(C) મધ્યક

(D) ઉપરનામાંથી કોઈ નહીં

44. The mean and variance of Binomial distribution are :

(A) $np$ and $npq$

(B) $np$ and $\sqrt{npq}$

(C) $np$ and $nq$

(D) $n$ and $pq$

45. The major components of time series are :

(A) Secular and cyclical changes

(B) Seasonal and random changes

(C) Periodic changes and cyclical changes

(D) (A) and (B) both

46. Fisher's ideal price index number is the :

(A) geometric mean of Laspeyre and Paache price index

(B) arithmetic mean of Laspeyre and Paasche price index

(C) $\frac{\Sigma p_1(q_0 + q_1)}{\Sigma p_0(q_0 + q_1)} . 100$

(D) None of the above

47. A sample of unemployed persons obtained by taking every fiftieth name from a register of unemployed is :

(A) random sampling

(B) the case of systematic sampling

(C) stratified sampling

(D) Quota sampling

44. દ્વિપદી વિતરણના મધ્યક અને વિચરણ અનુક્રમે :

(A) $np$ અને $npq$

(B) $np$ અને $\sqrt{npq}$

(C) $np$ અને $nq$

(D) $n$ અને $pq$

45. સામયિક શ્રેણીના મુખ્ય ઘટકો :

(A) લાંબા ગાળાના અને ચક્રીય ફેરફારો

(B) મોસમી અને યદૃચ્છ ફેરફારો

(C) સામયિક ફેરફારો અને ચક્રીય ફેરફારો

(D) (A) અને (B) બંને છે

46. ફીશરનો આદર્શ સૂચક આંક :

(A) લાસ્પેરે અને પાશે સૂચક આંકોનો ગુણોત્તર મધ્યક

(B) લાસ્પેરે અને પાશે સૂચક આંકોનો મધ્યક

(C) $\frac{\Sigma p_1(q_0 + q_1)}{\Sigma p_0(q_0 + q_1)} . 100$

(D) ઉપરનામાંથી કોઈ નહીં

47. બેરોજગારોના રજીસ્ટરમાંથી દરેક પચાસમું નામ પસંદ કરીને મેળવાયેલુ બેરોજગારનું નિદર્શ :

(A) યદૃચ્છ નિદર્શન

(B) પદિક નિદર્શન

(C) સ્તરિત નિદર્શન

(D) કવોટા નિદર્શન

દર્શાવે છે.

48. When population is *not* normally distributed, to test the hypothesis, one has to use ?

(A) $\chi^2$ test

(B) *t*-test

(C) F-test

(D) Z-test

49. There are 5% defective items in a large bulk of items. The probability of *not* having even a single defective item in a sample of 10 items is :

(A) $\left(\frac{19}{20}\right)^{10}$

(B) $\frac{1}{20}$

(C) $\frac{19}{20}$

(D) 0

50. Which one of the following is *not* a measure of dispersion ?

(A) Quartile deviation

(B) Standard deviation

(C) Geometric mean

(D) Range

48. જ્યારે સમષ્ટિ પ્રમાણ્ય વિતરણ ધરાવતી ન હોય ત્યારે, પરિકલ્પના પરીક્ષણ માટે :

(A) $\chi^2$ પરીક્ષણ

(B) *t*-પરીક્ષણ

(C) F-પરીક્ષણ

(D) Z-પરીક્ષણ

નો ઉપયોગ કરવો જોઈએ.

49. વસ્તુઓના એક મોટા સમૂહમાં 5% વસ્તુઓ ખામીવાળી છે. 10 વસ્તુઓના નિદર્શમાં એક પણ વસ્તુ ખામીવાળી ન હોય તેની સંભાવના :

(A) $\left(\frac{19}{20}\right)^{10}$

(B) $\frac{1}{20}$

(C) $\frac{19}{20}$

(D) 0 છે.

50. નીચેનામાંથી કયો પ્રસારમાનનો માપદંડ નથી ?

(A) ચતુર્થક વિચલન

(B) પ્રમાણિત વિચલન

(C) ગુણોત્તર મધ્યક

(D) વિસ્તાર

## ROUGH WORK